### ટ્રાફીકની વકરતી સમસ્યાથી કલેક્ટર ચિંતિત

# બાયડમાં રસ્તાની હદના પિલ્લર લાગ્યાં, હંગામી દબાણ દૂર થશે

## વિકાસપથ ઉપર ગેરકાયદે કબજો થઈ જતાં સમસ્યા વકરી

બાયડ, તા. ૫

બાયડમાં ટ્રાફીકની સમસ્યાના અજગરી ભરડાથી પ્રજા, વૈપારીઓ ત્રસ્ત બન્યા છે ત્યારે જિલ્લા કલેકટરે પણ બાયડની વકરતી ટ્રાફીક સમસ્યાથી ચિંતિત બની રસ્તાની હદ નક્કી કરવાનો આર.એન્ડ.બી. વિભાગને આદેશ આપ્યાના ગણતરીના કલાકમાં રોડની બંન્ને સાઈડે પિલ્લર લાગ્યાં છે. ટૂંક સમયમાં હંગામી દબાણ દૂર થઈ શકે છે. ફૂટપાથ ઉપર ગેરકાયદે કબજો થઈ જતાં ટ્રાફીક સમસ્યા વકર્યાનું જાણવા મળ્યું છે.

છેલ્લા કેટલાય સમયથી વિકાસ પથ ઉપર લારી, પાથરણાવાળાઓએ પોતાનો કાયમી હક્ક જમાવ્યા જેવી સ્થિતિ ઉભી કરી છે. ગરીબ પરિવારોની રોજગારી ન છીનવાય તે જરુરી છે પરંતુ તેમને પણ વૃદ્ધો અને રાહદારીઓને અવરજવરમાં તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવું પડે પરંતુ કેટલાક લારીવાળાઓએ ૨ થી ૩ લારીઓ મૂકી પોતાનો કાયમી કબજો જમાવી દીધો હતો.

**રસ્તાની હદ નક્કી કરાઈ છે : આર એન્ડ બી સ્ટેટ**

આરએન્ડબી સ્ટેટ અરવલ્લીના જણાવ્યા અનુસાર બાયડમાં ટ્રાફીકની સમસ્યા વકરતાં જિલ્લા કલેક્ટરે રસ્તાની હદ નકકી કરવા જણાવ્યું. હતું જે મુજબ રોડના મધ્યબિંદુથી બંન્ને બાજુ ૧૫-૧૫ મીટરની હદ નકકી કરવામાં આવી છે અને પિલ્લર ઉભા કરવામાં આવ્યા છે.

બાયડમાં વકરતી ટ્રાફીક સમસ્યાની અરવલ્લી કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણાએ ગંભીર નોંધ લીધા પછી આરએન્ડબી.ની રસ્તાની હદ નક્કી કરવા કાર્યપાલક ઈજનેરને તાકીદ કરી હતી. તાબડતોબ બાયડના મુખ્ય બજારમાંથી પસાર થતા સ્ટેટ હાઈવેમાં રોડના મધ્યબિંદથી બંન્ને સાઈડ ૧૫ મીટરની હદ નકકી કરી રાતો રાત વિભાગ દ્વારા પિલ્લર લગાવવામાં આવતાં અનેક દબાણકારોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જયારે ટ્રાફીક પોલીસ અને બાયડ પાલિકાતંત્રએ પણ રસ્તાની હદ નકકી થયા પછી હંગામી દબાણો દૂર કરવાં પડશે. બાયડ પાલિકા વિસ્તારમાં આડેધડ વાહન પાર્કીંગ અને લારીઓ ઉભી રહેવાના કારણે ખરીદી માટે આવતા લોકો અને વૈપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આ સંજોગોમાં હંગામી દબાણો દૂર કરવાની સાથે ગરીબ પરિવારોની રોજગારી ન છીનવાય તેનો મધ્યસ્થી ઉકેલ તાબડતોબ જરુરી છે.

# બદબુ ગુજરાત કી : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મૃત પશુઓના આડેધડ નિકાલથી નર્કાગારની સ્થિતિ

### તિવ્ર દુર્ગંધથી રોગચાળો ફાટવાની દહેશત : દિવસો સુધી હાડપીંજરનો નિકાલ ન થતાં સીમાડા બદબુથી ગંધાઈ ઉઠ્યા

બાયડ, તા.૦૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મૃત પશુઓનો આડેધડ સીમાડામાં નિકાલ થતો હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં નર્કાગારની સ્થિતિ જોવા મળી રહી છે. મૃતપશુઓમાંથી ચામડું ઉતારી લીધા પછી હાડપીંજર દિવસો સુધી રઝળતા હોવાથી એન્થ્રેક્સ જેવો ગંભીર રોગચાળો ફાટી નિકળવાની દહેશત સેવાઈ રહી છે. તિવ્ર દુર્ગંધથી પસાર થતા રાહદારીઓ તેમજ વાહન ચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ચર્મકારો મૃતપશુનું ચામડું ઉતારી લઈ હાડમાંશ આડેધડ ફેંકી દેતા હોવાથી સીમાડામાં કંપારી છૂટે તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સરકાર ખુશ્બુ ગુજરાતની ફેલાવી રહી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં તો ડગલે



ને પગલે બદબુ પ્રસરતી રહી છે.

જિલ્લામાં મૃતપશુઓના નિકાલની આજદિન સુધી કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી થઈ શકી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતે વર્ષો અગાઉ નક્કી કરી આપેલી જગ્યાએ અથવા તો સીમાડામાં પડતર જમીનમાં મૃતપશુઓ ફેંકી દેવાતા હોય છે. ચર્મકારો અગાઉના વર્ષોમાં ગામથી દૂર મૃતપશુઓનો નિકાલ કરતા હતા પરંતુ વસતી વિસ્ફોટ પછી સ્થિતિ વણસી છે જેમાં રહેણાંક વિસ્તારો નજીક જ સીમાડામાં મરેલા પશુઓના ઢગ ખડકાતા હોવાથી પ્રજા ત્રાહીમામ બની છે. બંન્ને જિલ્લાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં સીમાડામાં મૃત પશુઓનું ચામડું ઉતારી મૃતદેહો આડેધડ ફેંકી દેવાય છે. કેટલાક કિસ્સાઓમાં તો માંસાહારી કૂતરાં મૃતાપશુઓના કંકાલ લઈ ફળીયાઓમાં ઘુસી જતાં હોવાથી નર્કાગારની સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી પરંપરાગત રીતે મૃતાપશુઓનો નિકાલ કરી હાડમાંસનો કોઈ યોગ્ય નિકાલ થતો નથી જેના કારણે ગંભીર રોગચાળો ફાટી નિકળવાની દહેશત વ્યકત થઈ રહી છે. જયારે મૃતપશુઓનું માંસ કૂતરાઓનો રોજનો આહાર થઈ ગયો છે જેથી ગ્રામ્ય વિસ્તારના માંસ ભક્ષણ કરતા કૂતરાંથી નાના બાળકો માટે ભયજનક સ્થિતિ પેદા થઈ છે. છેલ્લા કેટલાય સમયથી આડેધડ થતા મૃત પશુના નિકાલ મુદે પ્રજામાં સ્પષ્ટ આક્રોશ જોવા મળે છે પરંતુ જવાબદાર તંત્ર કે ગ્રામ પંચાયતોએ યોગ્ય વ્યવસ્થા ગોઠવી નથી જેના કારણે ગામડાંમાં ગમે તેટલી સુખ સુવિધ્ધ હોય પરંતુ પ્રજાને નર્કાગારનો અહેસાસ થતો રહ્યો છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં મોબાઈલ ટાવરોએ પક્ષીઓનું અસ્તિત્વ જોખમાવ્યું

### નામશેષ થતાં ઘરઆંગણાના પક્ષીઓ : ચકલીઓની સંખ્યામાં ઘટાડો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉભા કરાયેલા મોબાઈલ ટાવરોમાં નીતિનિયમોનો ભંગ થયો હોવાની અનેક ફરિયાદો પછી પણ ટાવરો દેવાયા છે પરંતુ તંત્ર પગલાં ભરવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. મોબાઈલ ટાવરોના તરંગો માનવ સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થાય તે અગાઉ જ તરંગોથી પક્ષી જાતિનું અસ્તિત્વ દાવ પર લાગી જતાં



ચકલી, હોલા સહિતના નાના પક્ષીઓ લુપ્ત થઈ રહ્યાં છે. જિલ્લામાં અગાઉ ઘરના આંગણામાં ચીં ચીં કરતી ચકલીઓની સંખ્યા ગણવી પણ મુશ્કેલ હતી. જયાં નજર કરો ત્યાં ઘરના એકાદ ખૂણે તો ચકી-ચકો અચૂક જોવા મળતા હતા પરંતુ હવે મોબાઈલ ટાવરોના તરંગોથી તેમના અસ્તિત્વ સામે ખતરો પેદા થયો છે અને જિલ્લાભરમાં ચકલીઓની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી છે. જૈસે થે અવસ્થામાં જોવા મળી રહ્યા છે ત્યારે મોબાઈલ ટાવરોના તરંગોએ પક્ષીઓનું અસ્તિત્વ જોખમાવ્યું હોય તેમ ઘરઆંગણાના પક્ષીઓ લુપ્ત થવા લાગ્યા છે. જિલ્લામાં મોબાઈલ ટાવરોના તરંગોની વિપરીત અસરોથી ખાસ કરીને ચકલીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

શાળા અને હોસ્પિટલોથી માંડી ભરચક રહેણાંક વિસ્તાર આસપાસ મોબાઈલ ટાવર ઉભા કરવાની સુપ્રિમ કોર્ટની સ્પષ્ટ ના હોવા છતાં જિલ્લામાં તમામ નિયમોને નેવે મૂકી મોબાઈલ ટાવરો ઉભા કરી દેવાયા છે. જિલ્લામાં શાળાઓ નજીક મોબાઈલ ટાવરો અભ્યાસ કરતા બાળકો માટે જોખમી સાબિત થવાની દહેશત વચ્ચે જિલ્લામાં ખાસ કરીને મોબાઈલ ટાવરોના તરંગોએ પક્ષીઓનું અસ્તિત્વ જોખમાયું છે. જિલ્લામાં આડેધડ મોબાઈલ ટાવરો ઉભા કરી દેવાયા ત્યારથી જ ચકલી કુળનાં પક્ષીઓ નામશેષ થઈ રહ્યાં છે. જિલ્લામાં નીતિ નિયમોનું ઉલ્લંઘન કરી શાળાઓ અને હોસ્પિટલો નજીક મોબાઈલ ટાવરો ઉભા કરી જિલ્લામાં ચકલીઓના ભૂંસાતા અસ્તિત્વને નહીં બચાવાય તો આગામી દિવસોમાં બાળકોને પુસ્તકોમાં જ ચકલીના ચિત્રો બતાવવાં પડે તેવી સ્થિતિ નિર્માણ પામશે તેવું ચકલીઓની ઘટતી સંખ્યા ઉપરથી લાગી રહ્યું છે. જિલ્લામાં જીવદયા પ્રેમીઓ દ્વારા ચકલી બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે પરંતુ લાખ પ્રયત્નો છતાં ચકલીઓની સંખ્યા ઘટતી જઈ રહી છે ત્યારે પક્ષીઓ માટે ખતરા રૂપ બનેલા મોબાઈલ ટાવરો બાબતે તંત્ર યોગ્ય કામગીરી નહીં કરે તો આગામી સમયમાં ઘરઆંગણાનાં તમામ પક્ષીઓ નામશેષ થઈ જાય તે દિવસો હવે દૂર ન હોવાનું જીવદયા પ્રેમીઓ જણાવી રહ્યા છે.

**સીમેન્ટના મકાનોમાં ચકલીનો માળો છીનવાયો**

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચકલીઓનું અસ્તિત્વ જોખમાયું છે. ચકલીઓ માટે મોબાઈલ તરંગો જોખમરૂપ બન્યા પછી સીમેન્ટ-કાંકરીટના મકાનો પણ ચકલીના ઘટતા અસ્તિત્વ માટે જવાબદાર છે. અગાઉ કાચા મકાનોમાં મોભ કે તેની વળીમાં ચકલીઓ આસાનીપૂર્વક માળો બાંધી શકતી હતી જયારે ઘરમાં લગાવેલી ફોટો ળેમ પાછળ પણ ચકલીઓ માળો બાંધી પોતાને સુરક્ષિત રાખતી હતી પરંતુ હવે સીમેન્ટ કાંકરીટનાં જંગલો ઉભાં થતાં જતાં હોવાથી આધુનિક યુગમાં ચકલીએ માળો બાંધવો તો કયાં બાંધવો..?? તે સવાલ ઉભો થયો છે.

### લગ્નના અવસર કરતાં ઉમેદવારી કરવાને અગ્રતા

# જિલ્લામાં તલાટી કમ મંત્રીના ફોર્મ ભરવા માટે ઉમેદવારોમાં દોડધામ

### સરકારી કચેરીઓ, ઝેરોક્ષ સેન્ટરો અરજદારોથી ઉભરાયા : પોર્ટલ ધીમું ચાલતું હોવાથી બેરોજગાર ઉમેદવારો અકળાયા

બાયડ, તા. ૫

રાજ્યમાં લાંબા સમય પછી તલાટીકમ મંત્રીની ભરતી માટે જાહેરાત આવતાં લગ્નના અવસર કરતાં ઉમેદવારો અને તેમના વાલીઓ તલાટી કમ મંત્રીની પરીક્ષામાં ઝંપલાવવાને અગ્રતા ક્રમ આપી રહ્યા છે જેના કારણે જિલ્લામાં ફોર્મ ભરવા માટે ઉમેદવારોમાં દોડધામ મચી છે. સરકારી કચેરીઓ, ઝેરોક્ષ સેન્ટરો અરજદારોથી ઉભરાઈ રહ્યા છે. પોર્ટલ ધીમું ચાલતું હોવાથી બેરોજગાર ઉમેદવારો અકળાઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી સહિત રાજ્યના ૩૩ જિલ્લામાં ૩૪૩૭ તલાટી કમ મંત્રીની ખાલી જગ્યા ભરવા માટે ભરતી જાહેરાત બહાર પાડવામાં આવી. ૨૮ જાન્યુઆરીથી ફોર્મ ભરવાની શરુઆત થઈ પરંતુ સરકારની વેબસાઈટ પર ફોર્મ ભરવાનું હોય છે પરંતુ દશેરાના દિવસે જ ઘોડું ન દોડે તે ઉક્તિ અનુસાર પોર્ટલ ધીમું ચાલતું હોવાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના ૨ લાખથી વધુ બેરોજગાર ઉમેદવારી ફોર્મ ભરતાં ભરશિયાળે પસીને લોથપોથ થતા હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. અનેક ઉમેદવારોએ નિયત પોર્ટલ ઉપર ફોર્મ ભરવા માટે લાકોની જહેમત પછી પણ સફળતા મળતી ન હોવાનો આક્રોશ ઠાલવ્યો છે જો આજ રીતે પોર્ટલ ધીમું ચાલશે તો ઓનલાઈનના બદલે ઓફ લાઈન ફોર્મ સ્વીકારવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામી રહી છે. જયારે ઓનલાઈન ફોર્મ ભરવાના હોવાથી કોમ્પ્યુટર સેન્ટરવાળાઓને તડાકો પડવાની સાથે ગરજવાન ઉમેદવારો પાસેથી વધુ રકમ ખંખેરતા હોવાના આરોપ પણ લાગી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકારે પણ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનારી તલાટી કમ મંત્રીની ભરતી પરીક્ષામાં તા.૧૫ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરવાની જાહેરાત કરી છે. પરંતુ પોર્ટલની ધીમી ગતિ અને ૮ લાખથી વધુ ઉમેદવારો તેમાં ઝંપલાવે તેવી સંભાવના જોતાં ઉમેદવારો આસાનીથી પોતાની ઉમેદવારી રજૂ કરે તે પ્રકારની સુગમ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

### પાલનપુરના વોર્ડ-૫મા પાલિકાએ વેરો વધુ ઉઘરાવ્યો, પણ વિકાસ કરવાનું ભૂલી ગઈ..!


પાલનપુર શહેરના વોર્ડ નંબર૩-૪-૫મા પાલિકાએ પાછલા કેટલાક સમયથી આક્રમક વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરી છે. આ વિસ્તારોમાંથી લાખો રૂપિયાનો વેરો વસુલવામાં આવ્યો હોવા છતાં સ્થાનિક પાલિકા દ્વારા વિકાસ લક્ષી કામો બાબતે ઉપેક્ષા થતી હોવાનો ચોંકાવનારો આક્ષેપ સ્થાનિક નગરસેવકોએ કર્યો છે અધૂરામાં પૂરું ભૂગર્ભ ગટરની પાઈપલાઈનના કામો ના લીધે પારાવાર મુશ્કેલીઓ આ વિસ્તારોમાં સર્જાઈ છે. રસ્તા જર્જરિત ગંદકીના ઢગ નીકોની અનિયમિત સફાઈ અને ભૂગર્ભ યોજના માટે ખોદાયેલા ખાડાઓના કારણે વાહનચાલકો રાહદારીઓને ભારે મુશ્કેલી પડી રહી છે રોજ વાહનો ખોદાયેલા ખાડામાં ઉતરી જાય છે..!

# ઉત્તર ગુજરાતમાં ભરપૂર લગ્ન સીજનથી સરકારી કર્મીઓની કચેરીમાં પાંખી હાજરી

બાયડ તા.૦૫

ઉત્તર ગુજરાતમાં વસંતપંચમીના વણજોયા મુહર્ત સાથે તમામ વિસ્તારોમાં લગ્નસરાની સીઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે. તેમાંય ફેબ્રુઆરી માસમાં લગ્નનાં અઢળક મુહર્ત નિકળ્યાં છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં લગ્નોના કારણે સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી નજરે પડી રહી છે. અરજદારો કામ માટે કચેરીમાં આવે છે પરંતુ સરકારી બાબુઓ લગ્નો મહાલતા હોવાથી અરજદારોને ધરમ ધક્કા થઈ રહ્યા છે. કેટલાક સરકારી બાબુઓના સંતાનોનાં લગ્નો આયોજીત થતાં લાંબી રજાઓ ઉપર ગયા હોવાથી અરજદારોના કામ વિલંબમાં પડ્યાં છે.

વર્ષોની પ્રણાલિકા મુજબ ઉત્તર ગુજરાતમાં વૈશાખ માસમાં લગ્નોની સીઝન જામતી હતી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વૈશાખ માસને લગ્નોનો મહિનો માનવામાં આવતો હોવાથી ઘરઆંગણે તેમજ સમૂહ લગ્નોત્સવના આયોજનો થતાં હતાં પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વૈશાખ માસને બદલે વસંતપંચમીના શુભ દિવસથી જ લગ્નસરા શરૂ થઈ જતી હોય છે. શાસ્ત્રોક્ત રીતે વસંતપંચમીનું આગવું મહત્વ રહેલું છે અને આ દિવસે વણજોયા મુહર્ત સાથે શુભ કાર્યો થઈ શકતા હોવાથી આ વર્ષે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં



વસંતપંચમીથી લગ્નોની મોસમ પૂરબહારમાં જામી છે. ઠેર ઠેર સમૂહ તેમજ ઘરઆંગણે લગ્નોના આયોજન થયો છે તેમાંય ફેબ્રુઆરી માસમાં લગ્નોના અસંખ્ય મુહર્ત નિકળતાં લગ્ન સંલગ્ન ધંધા-રોજગારોને કમાણીનો તડાકો પડ્યો છે તો બીજી તરફ પોતાના સંતાન તેમજ નિકટના સગાઓને ત્યાં લગ્નોના આયોજનો અગાઉથી થઈ ગયાં હોવાથી સરકારી કર્મીઓ લગ્નોમાં વ્યસ્ત બની જતાં કચેરીઓમાં પાંખી હાજરી સ્પષ્ટ જોવા મળી રહી છે. અઢળક લગ્નોના કારણે આમંત્રિતોના ત્યાં હાજરી આપવી અનિવાર્ય હોવાથી સરકારી બાબુઓ લગ્નપ્રસંગમાં વધુ હાજરી આપતા હોવાથી અરજદારો માટે લગ્નોની સીઝન અડચણરૂપ બની છે. સવારે અરજદારો કામ અર્થે સરકારી કચેરીમાં પહોંચી જાય છે પરંતુ સાહેબ લગ્નમાં ગયા હોવાના જવાબો સાંભળવા મળતા હોય છે. પૂરબહારમાં ખીલેલી સીઝનમાં કેટલાક સરકારી કર્મીઓ તેમજ અધિકારીઓના સંતાનોના લગ્નો નિર્ધારીત થયાં હોવાથી તેઓ લાંબી રજા ઉપર ગયા છે જેના કારણે અરજદારોના કામો ઘોંચમાં પડ્યાં છે. જેમના ઘરે લગ્નો યોજાઈ રહ્યાં છે તેવા સરકારી કર્મીઓએ કાયદેસર રીતે રજાઓ માંગી લીધી છે પરંતુ અસંખ્ય કર્મચારીઓ સબંધ સાચવવા માટે લગ્નપ્રસંગમાં હાજરી આપવા જવું આવશ્યક હોવાથી કચેરીના કામકાજમાંથી ગુલ્લી મારતા હોવાની પણ ચર્ચા ઉઠી છે.

### પાલનપુર યાર્ડની ચેરમેન વાઈઝ ચેરમેનની ચૂંટણી પાર્ટીના મેન્ડેડ પર બિનહરીફ યોજાઈ

પાલનપુર ખેતીવાડી ઉત્તપન્ન બજાર સમિતિના નિયામક મંડળની ચૂંટણી ચાર માસ બાદ પાર્ટીના મેન્ડેડ પર ચેરમેન અને વાઈઝ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ચેરમેન તરીકે ફતાભાઈ ધરીયા અને વાઈઝ ચેરમેન તરીકે ભગુભાઈ કુગશિયા ના નામનો મેન્ડેડ આવતા બંનેને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા. પાલનપુર માર્કેટયાર્ડના નિયામક મંડળના ૧૬ સભ્યોની વરણી માટે ૧૮ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ શાસિત વર્તમાન પેનલ સામે ભાજપ જૂથની પરિવર્તન પેનલ બનાવી ચૂંટણી જંગમાં જંપલાવતા રાજકીય ગરમાયુ હતું. વર્તમાન પેનલ સામે પરિવર્તન પેનલ પરાજિત થતા ચૂંટણી પ્રક્રિયાનો મામલો હાઈકોર્ટમાં ચાલી જતા ચેરમેનને વાઈઝ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા લંબાઈ હતી.

# માધવકંપા નજીક ગુજરાત ગાડલીયા લુહાર સમાજનો સમૂહ લગ્નોત્સવ, ૨૧ યુગલોના સમૂહલગ્ન

બાયડ તા.૦૫

બાયડ તાલુકાના માધવકંપા નજીક ગુજરાત ગાડલીયા લુહાર સમાજ સાત ફેરા સમૂહલગ્ન સમિતિ ટ્રસ્ટનો ત્રીજો સમૂહ લગ્નોત્સવ શનિવારે વસંતપંચમીના શુભ દિવસે બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ઠાકોર, બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અશોકસિંહ ઝાલા સહિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો જેમાં સમાજના ૨૧ યુગલોના સમૂહ લગ્નોત્સવનું આયોજન થયું હતું. તમામ યુગલોને દાતાઓ દ્વારા ભેટ-સોગાદો આપવામાં આવી હતી. કોરોના ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી વિશાળ મંડપમાં સમૂહ લગ્નોત્સવનું આયોજન થયું હતું. સફળ સમૂહ લગ્નોત્સવને સૌએ બિરદાવ્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત ગાડલીયા લુહાર સમાજ દ્વારા સમાજને એક તાંતણે બાંધવાની સાથે લગ્ન પાછળના લખલૂંટ ખર્ચ અટકાવવા દર વર્ષે સમૂહ લગ્નોત્સવનું આયોજન થતું હોય



છે. આ વર્ષે કોરોના સંક્રમણના કારણે માધવકંપા નજીક વિશાળ સમીયાણામાં સમૂહ લગ્નોત્સવનું ૨૧ ચૉરી મારફતે આયોજન કરવામાં આવ્યું હતું અને વર-કન્યા પક્ષને સિમિત સબંધીઓને લગ્નના અવસરમાં લાવવા માટે અપીલ કરવામાં આવી હતી અને તે સફળ રહી. ક્રોવિડ ગાઈડલાઈન પ્રમાણે યોજાયેલા સમૂહ લગ્નોત્સવમાં સવારે ૭-૦૦ કલાકે ગણેશ સ્થાપન પછી ૯-૦૦ કલાકે હસ્તમેળાપ યોજાયા હતા જેમાં સમાજના સામેત્રા, અડાલજ, સાયણ, મંકોડીયા, મહેલોલ, ચોઈલા, લુણાવાડા, ડેમાઈ, લીંચ, ધામણવા, નારપુરા, વજેપુરાકંપા, લાલુકંપા, સોનારડા, પટેલનામુવાડા, રામગઢી, આંબાવાડી, ડેરોલ, કલાલીફાટક, નાપાડ, તોરણા, વરસડા, અંકલેશ્વર, ઓરોલ, કલોલ, વરસાવા, પાટણ, બાયડ, ઉનાવા, નરોડા, ખાત્રજ, મોરા અને સાઢાસાલ ગામના વર અને કન્યા પક્ષ ઉપસ્થિત રહ્યા હતા.

સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સંતો-મહંતો અને આમંત્રિતોની ઉપસ્થિતિમાં સમૂહ લગ્નોત્સવનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહ લગ્નોત્સવ સમિતિએ ત્રીજા સફળ સમૂહ લગ્નોત્સવના આયોજનમાં સહભાગી થનારા સૌ કોઈનો આભાર માનવાની સાથે નવદંપતિઓને તેમનું ગૃહસ્થ જીવન સુખમય બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.